

## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી માર્ગદર્શન વિષય સંબંધિત વચનામૃતો

પ્રશ્ન :- પર્યાયથી છૂટું કેવી રીતે થવું?

ઉત્તર :- પર્યાયથી તો છૂટો જ છે. ત્રિકાળી તો પર્યાયમાં આવતો જ નથી. પરંતુ પર્યાયમાં એકતા કરી રાખી છે તે એકતા ત્રિકાળીમાં સ્થાપવાની છે. (૧૨૭)

***

પરિણામમાં બેસીને (ત્રિકાળી) વસ્તુને દેખવાથી, વસ્તુ ભિન્ન દેખાય છે. તેથી પરિણામથી ભિન્ન થવા માટે વસ્તુમાં બેસીને દેખવાનું છે, ત્યાં વસ્તુમાં અહંપણું (એકત્વ) થવાથી પર્યાયનું કાર્ય ભિન્ન દેખાવા લાગશે, અને (એવી) ભિન્નતા દેખાવાથી પર્યાય નાશ થવા છતાં પણ અહંપણું (દ્રવ્યમાં) તો ત્રિકાળ જ રહે છે, તેથી પર્યાય નાશ થતાં આકુળતા નહિ થાય. અને અહીં (ત્રિકાળીમાં) બેસવાથી સુખ-શાંતિ વધશે. (૧૩૩)

***

ખરી વાત એ છે કે બધી ધારણા (અજ્ઞાની પણ) સાચી કરી લે છે, પરંતુ પર્યાયમાં બેસીને દ્રવ્યને દેખે છે, તેથી દ્રવ્ય જુદું ને જુદું પડ્યું રહે છે. પર્યાયમાં બેસીને દ્રવ્યને દેખવાનું નથી પરંતુ દ્રવ્યમાં બેસીને દ્રવ્યને દેખવાનું છે. જેથી દ્રવ્યમાં અહંપણું પ્રસરી જાય છે (અભેદતા થાય છે). પર્યાયમાં બેસવાથી (એકતા કરવાથી) દ્રવ્ય તો દૂર જ પડ્યું રહે છે. (૧૩૮)

***

પહેલાં વિકલ્પાત્મકમાં તો આ નિર્ણય કરી લ્યો કે પરિણામની અપેક્ષાએ અહીં (અંતરમાં) જ જામવાનું છે. બીજું કંઈ કરવાનું નથી. વળી તે વિકલ્પાત્મક નિર્ણયનું પણ અવલંબન ન હોવું જોઈએ, અને હું તો અપરિણામી છું પરિણામમાં જતો જ નથી, એવો અભ્યાસ થતાં દષ્ટિ જામી જશે. (વિકલ્પાત્મક નિર્ણય સાચો હોવા છતાં પણ નિર્ણયરૂપ પરિણામની મુખ્યતા થવી જોઈએ નહિ; પરંતુ અપરિણામી નિજસ્વરૂપ તરફ પુરુષાર્થ તીવ્ર હોવો જોઈએ. નિર્ણય અથવા સમજ યથાર્થ હોવાથી એવા યથાર્થ પરિણામ પર વજન રહી જવાથી તે પણ ધ્રુવ સ્વભાવના અવલંબન લેવાના હેતુ પ્રતિ પ્રતિકૂળ છે. (૧૬૦)

***

(શેષ અંશ પૃષ્ઠ-૧૭ ઉપર...)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૭૮, વર્ષ–૨૪, ફેબ્રુઆરી–૨૦૨૧

## અષાઢ વદ ૭, રવિવાર, તા.૧૦-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૮૨ પ્રવચન-૩૧

**'પરભાવોનો ત્યાગ જ સંન્યાસ'** છે. ત્યાગ, ત્યાગ. આત્મામાં પરભાવોનો ત્યાગ, તેનું નામ સંન્યાસ કહો કે ત્યાગ કહો કે તેનો સ્વભાવમાં અભાવ છે (એમ કહો). સર્વ વિકાર, પુણ્ય-પાપનો આત્મામાં અભાવ છે. એવા આત્મામાં દૃષ્ટિ થવાથી આત્મામાં વિકારનો ત્યાગ થયો. કોઈ કહે છે ને કે ચોથા ગુણસ્થાને વિકારનો ત્યાગ નથી, સમ્યગ્દર્શનમાં ત્યાગ નથી. (અહીંયાં) ત્યાગ આવ્યો, જુઓ! **'जो परयाणइ अप्प परु, सो परु चयइ णिभंतु'** જે કોઈ આત્મા પોતાના આત્માનું સ્વરૂપ શુદ્ધ આનંદ (છે) અને પરનું સ્વરૂપ, વિકાર અને પર અજીવ આદિ (છે), એમ બેનું ભેદજ્ઞાન જાણે છે તે પરને ષ્ટિમાંથી છોડે છે. ષ્ટિમાંથી છોડે છે **'परयाणइ'**. તે આદર નથી કરતા. ધર્મી જીવ પોતાનું શુદ્ધ સ્વરૂપ આનંદ (છે) તેનો આદર કરે છે અને વિકાર ને સંયોગનો આદર નથી કરતા. આદર નથી કરતા તેનો અર્થ તેનો સંન્યાસ થયો, દૃષ્ટિમાં તેનો ત્યાગ થયો. સમજાણું કાંઈ?

અહીંયાં એ આવ્યું, જુઓ! ધર્મી જીવ વિચારે છે, **'મારો કોઈ સંબંધ ન અન્ય આત્માઓ સાથે છે ન પુદ્‌ગલના કોઈ પરમાણુ કે સ્કંધ સાથે છે.'** આત્મા છે આત્મા, એ તો શુદ્ધ અરૂપી આનંદઘન આત્મા છે. એવા આત્માની દૃષ્ટિ કરનારો (વિચારે છે કે), મારો પર સાથે કોઈ સંબંધ નથી. અન્ય આત્માઓ સાથે કોઈ સંબંધ નથી, ન પુદ્‌ગલના એક રજકણ કે સ્કંધ પિંડ સાથે પણ મારો કોઈ સંબંધ નથી. આ સમ્યગ્દર્શનના કાળમાં (વિચારે છે). છે તો ત્રણે કાળ (અભાવ). આત્મામાં વિકાર અને પરનો ત્રિકાળ અભાવ છે પરંતુ દૃષ્ટિમાં આવ્યો ત્યારે વર્તમાન પરનો ત્યાગ દૃષ્ટિમાં થઈ ગયો. કહો, સમજાણું કાંઈ? બરાબર છે? કોઈની ચીજ લાવે છે, બહારથી લાવે છે ને? પોતાના પુત્રના લગ્ન હોય તો લાવે છે, ઘરમાં રાખે છે. શું પોતાની મૂડીમાં તેને ગણે છે? ઘરમાં પુત્રનો કોઈ લગ્ન આદિનો પ્રસંગ હોય અને (કોઈ ચીજ) લાવે, પાંચ હજાર, દસ હજારનો દાગીનો લઈ આવે તો એને પોતાની મૂડીમાં ગણે છે?


મુમુક્ષુ : એ માગીને, ઉછીનું લાવ્યા છે.

ઉત્તર : આ (પણ) માગીને, ઉછીનું છે. આત્મામાં છે નહિ. આહા..! દાગીનો માગીને, ઉછીનો (લાવ્યા છે), આગંતુક છે. વિકાર—પોતાની પર્યાયમાં પુણ્ય અને પાપના ભાવ થાય છે એ આગંતુક છે, મહેમાન છે, કાયમની ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'માંગીરામજી'! આ ત્યાગી. આહાહા..!

મુમુક્ષુ : શેના (ત્યાગી)?

ઉત્તર : રાગના. પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, મારો

પૂર્ણાનંદ સ્વભાવ (છે) એવી ધર્મીની દૃષ્ટિ થઈ. ધર્મીની ષ્ટિ એવી હોય છેહું તો શુદ્ધ જ્ઞાયક અને આનંદ છું. મારામાં આ રાગ અને પરમાણુનો કાંઈ સંબંધ નથી અને બીજા આત્મા સાથે પણ મારે સંબંધ નથી. સમજાણું કાંઈ?



**'ન ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્ય સાથે છે. ન તો મારામાં આઠ કર્મ છે, ન શરીરાદિ છે,...'** અત્યારે, હોં! અત્યારે. **'ન રાગાદિ ભાવ છે, ન મારામાં ઈન્દ્રિયના વિષયોની અભિલાષા છે,...'** જુઓ! ઈન્દ્રિયના સુખની અભિલાષા સુખબુદ્ધિથી થાય તો મિથ્યાષ્ટિ છે. ઈન્દ્રિય, પાંચ ઈન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિની અભિલાષા મિથ્યાષ્ટિને હોય છે. જ્ઞાનીને જરી રાગ આવે છે, પણ તેમાં સુખબુદ્ધિ નથી. અભિલાષા નથી કે, સુખ છે અને એ સુખને હું ભોગવું. ધર્મીને એવો ભાવ (સુખબુદ્ધિ નથી). ઈન્દ્રિયના વિષયસુખમાં સુખબુદ્ધિનો ત્યાગ છે, સમજાણું કાંઈ? લ્યો! એ ત્યાગ થયો કે નહિ? જુઓ!

**'ન મારામાં ઈન્દ્રિયના વિષયોની અભિલાષા છે, ન હું ઈન્દ્રિયસુખને સુખ જાણું છું.'** સમ્યગ્દર્શન કોને કહે છે? પોતામાં આનંદ છે, આત્મામાં આનંદ છે એ જ મારી ચીજ છે. સમજાણું કાંઈ? એ આગળ (ગાથા૮૫માં) આવશે, **'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ.'** પછી આવશે, કેવળી ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે, જ્યાં ચૈતન્ય, ચૈતન્ય, ચૈતન્ય, જાણક જાણક ભાવથી આત્મા છે ત્યાં બધા અનંત ગુણ છે. રાગમાં, શરીરમાં, કર્મમાં, પરમાં પોતાનો કોઈ ગુણ અને પોતાની દશા પરમાં નથી. સમજાણું કાંઈ?

**'ન હું ઈન્દ્રિયસુખને સુખ જાણું છું.'** આહાહા..! ચક્રવર્તી રાજા હોય, છન્નુ હજાર સ્ત્રી હોય... સમજાય છે? પણ પરમાં સુખબુદ્ધિ નથી. તેમાં સુખ છે એવી બુદ્ધિ નથી. ત્યારે સમ્યગ્દર્શન છે. એમાં સુખ છે (એમ માને તો) એમાં સુખ નથી અને સુખબુદ્ધિ(થી) માને છે એ તો મિથ્યાષ્ટિ છે. આહાહા..! કહો, 'વલ્લભદાસભાઈ'! દેખાય, વિષયમાં ભોગમાં દેખાય પણ અંતરમાં સમ્યગ્દૃષ્ટિ જીવની ષ્ટિમાં આત્મામાં અતીન્દ્રિય સુખ મારામાં જ છે, (એમ છે). એ દૃષ્ટિમાં કેટલા પુરુષાર્થની જાગૃતિ છે! મારા આત્મામાં આનંદ છે, ઈન્દ્રિયસુખને હું સુખ માનતો જ નથી, એ તો દુઃખ છે, ઝેર છે, ઉપસર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'હું અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખને સાચું જ્ઞાન અને સુખ જાણું છું.'** જુઓ! સમ્યગ્ષ્ટિ જીવ પોતાના આત્માનું અતીન્દ્રિય જ્ઞાન (છે), એ અતીન્દ્રિય જ્ઞાનને જ્ઞાન જાણે છે. શાસ્ત્રજ્ઞાન, લૌકિકજ્ઞાનને સમ્યગ્દૃષ્ટિ—ધર્મી જ્ઞાન નથી જાણતા. સમજાણું કાંઈ? 'અને સુખ જાણું છું.' સમજાણું કાંઈ? અતીન્દ્રિય સુખને જ સાચું જ્ઞાન અને સુખ જાણું છું. આત્મામાં મનથી પાર, રાગથી અતીત—ભિન્ન, ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ છે. સમ્યગ્દૃષ્ટિ—ધર્મી મારામાં આનંદ છે એમ માને છે. આહાહા..! (આ) ભેદજ્ઞાન છે. ઈન્દ્રિય સુખને સુખ નથી જાણતો, અતીન્દ્રિય સુખને સુખ (જાણે છે). ઈન્દ્રિય જ્ઞાનને જ્ઞાન નથી (જાણતો), અતીન્દ્રિય જ્ઞાનને જ્ઞાન

(જાણે છે). પરવસ્તુથી પૃથક, મારા સ્વભાવથી હું અપૃથક અભેદ (છું). સમજાણું કાંઈ?

**'માટે મારું ધન મારી પાસે છે.'** લ્યો! આ લક્ષ્મીની પાછળ દોડે છે ને? ધર્મી પોતાનું ધન પોતામાં જોવે છે, તેની પાસે દોડે છે. દોડે છે, કહે છે ને? સમજાય છે કાંઈ? ગૃહસ્થાશ્રમમાં હો, પુરુષ હો, સ્ત્રી હો કે આઠ વર્ષની બાલિકા સમ્યગ્દૃષ્ટિ હો, પરંતુ પોતાના આત્મામાં આનંદ છે તેને લેવા માટે અંદર દોડે છે. કદાચિત્ લગ્ન પણ થઈ જાય, મોટી હોય તો લગ્ન પણ કરે. (પરંતુ જાણે છે કે) નહિ, તેમાં આનંદ નથી. આનંદ લેવા માટે હું લગ્ન નથી કરતી. મારામાં એવો રાગ છે એ દૂર થતો નથી, મારી નબળાઈથી એ દુઃખ આવે છે, એવા દુઃખથી તેમાં જોડાણ થાય છે. સમજાય છે કાંઈ? **'મારું ધન મારી પાસે છે.'** જુઓ! 'મલૂકચંદભાઈ'! આ લક્ષ્મીની જરૂર ન રહી. મારા આત્મામાં અનંત જ્ઞાન અને અનંત આનંદ પડ્યા છે, (એવી) મારી લક્ષ્મી મારી પાસે છે.

સમ્યગ્દૃષ્ટિ આટલું નાનું દેડકુ હો કે હજાર જોજનના મચ્છ હો, સ્વયંભૂરમણ સમુદ્રમાં સમ્યગ્દૃષ્ટિ હોય છે, હોં! એ માને છે કે, મારી લક્ષ્મી મારી પાસે છે. આહાહા..! મારું ધન, પુણ્ય-પાપના ભાવ થાય છે તેમાં પણ મારું ધન નથી અને પુણ્ય-પાપના ફળ બહારમાં સંયોગ મળે તેમાં પણ હું નથી, મારી લક્ષ્મી તેમાં છે જ નહિ. ઓ..હો...! સમજાણું કાંઈ?

**'એ રીતે સમ્યગ્દૃષ્ટિ ત્યાગી...'** જુઓ! એ રીતે સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ **'ત્યાગી શ્રદ્ધા અને જ્ઞાનપરિણતિની અપેક્ષાએ પરમ સંન્યાસી છે,... '** શ્રદ્ધા, જ્ઞાનપરિણતિની અપેક્ષાએ, જુઓ! પર્યાય. પોતાનો શુદ્ધ સ્વભાવ, હું આત્મા છું એવી શ્રદ્ધા અને હું જ્ઞાન છું એવી પર્યાયમાં પરિણતિ, એવી અવસ્થાને કારણે આત્મામાં પરનો પરમ ત્યાગી છે. આહાહા..! ઓલા (અજ્ઞાનીને) ખૂંચે કે, નહિ, નહિ. અરે...! સાંભળ તો ખરો, પ્રભુ! જ્યાં ભ્રાંતિ ગઈ અને અનંતાનુબંધીનો અભાવ થયો ત્યાં પરનું સ્વામીપણું ગયું. પોતાના સહજાત્મ સ્વરૂપનો સ્વામી રહ્યો (તો) દૃષ્ટિમાં પરનો ત્યાગી થયો. હેં? સહજાત્મ સ્વરૂપ ચૈતન્યસ્વામી. હું તો સહજાત્મ સ્વરૂપ ચૈતન્ય સ્વામી છું. રાગાદિ મારી ચીજ, એ સ્વ અને હું તેનો સ્વામી (એમ) નથી. સમ્યગ્દર્શનમાં આટલો રાગાદિનો ત્યાગ દૃષ્ટિમાં અને જ્ઞાનની પરિણતિમાં આવી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

બહારનો ત્યાગ કરીને બહારથી સાધુ થઈ જાય પણ અંતરમાં પોતાની શુદ્ધ શ્રદ્ધા, પોતાના પરમાનંદની મૂર્તિની શ્રદ્ધા નથી તો રાગની દયા, દાનની ક્રિયાને પોતાની માને છે. કહે છે કે, તે તો મૂઢ (છે), રાગનો આદર કરે છે તો રાગનો અંશે પણ ત્યાગ નથી. સમજાણું કાંઈ? રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઊઠે છે, (એ) કષાયના મંદ પરિણામ પોતાના સ્વરૂપથી બહાર છે. એ બહારનાને પોતાના માને છે અને તેનાથી લાભ માને છે તેને અંશે પણ રાગનો ત્યાગ નથી તો બાહ્ય પદાર્થનો અસદ્ભુત વ્યવહારનયથી ત્યાગ કહેવામાં આવે તેવો પણ ત્યાગ ત્યાં નથી. સમજાણું કાંઈ?

**'જેમ કોઈ પ્રવીણ પુરુષ...'** પ્રવીણ પુરુષ **'પોતાની અંદર થનાર રોગોને ઓળખીને...'** પોતાના શરીરમાં અંદરમાં રોગાદિ હોય અને ખ્યાલમાં આવી જાય કે અંદરમાં રોગ છે. અહીંયાં દુઃખે છે કે આમ થાય છે, એમ નથી કહેતા? **'રોગોને ઓળખીને...'** કેટલાકને દાક્તરી તપાસ કરી શકે નહિ પણ રોગી તો જાણે કે નહિ કે મને રોગ છે, અંદરમાં દુઃખ છે. હું પણ કંઈ પકડી શકતો પણ અંદર દુઃખ થાય છે, અંદરમાં ઊંડે ઊંડે ઊંડે દુઃખ થાય છે. એમ **'રોગોને ઓળખીને અને તેનાથી પોતાનું અહિત થતું જાણીને તે રોગો પ્રત્યે સંપૂર્ણ ઉદાસીન થઈ જાય...'** રોગોથી ઉદાસ થઈ જાય કે રોગનો આદર કરે છે? હેં?

**'તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ વિશિષ્ટ કર્મોના સંયોગથી થનાર રાગાદિભાવ અને શરીરાદિ રોગોને રોગ અને આત્મા માટે હાનિકારક જાણીને... '** જુઓ! મિથ્યાદૃષ્ટિ રાગથી લાભ માને છે અને શરીરાદિ બાહ્ય

સાધનને પોતામાં સાધન માને છે. સમ્યગ્દૃષ્ટિ પોતામાં રાગ થાય છે તેને દુઃખ રોગ જાણે છે અને રોગના ત્યાગનો ઉપાય કરે છે. રોગ રાખવાનો ઉપાય કરતા નથી. રહેવા દો, રોગ રહેવા દો, એમ કરે છે?

મુમુક્ષુ : શરીર માટે શું માને છે?

ઉત્તર : શરીર માટે જડ, પોતાથી ભિન્ન લાકડું છે એમ માને છે. પહેલા આવી ગયું છે (કે) મારો કોઈ સંબંધ નથી, **'ન પુદ્ગલના કોઈ પરમાણુ કે સ્કંધ સાથે** છે.' લાકડુ, લાકડુ. જેમ લાકડી છે તેમ શરીર છે. મારા આત્માની ચીજમાં તેનો કોઈ સ્પર્શ નથી. આહાહા..! અજ્ઞાનીને શરીરમાં જરી (કાંઈક થાય તો એમ માને છે કે), અરે...! મને થયું, મારામાં થયું. મને થયું અને મારામાં થયું (એમ માને છે). તારામાં ક્યાં થાય છે? એ તો જડમાં છે. સમજાણું કાંઈ? આ તો '**પરભાવોનો ત્યાગ જ સંન્યાસ**' છે, ઈ ચાલે છે ને? '**પરભાવોનો ત્યાગ જ સંન્યાસ**' છે. પહેલા એ સ્પષ્ટ કર્યું.

જેમ અજ્ઞાની રોગને રોગ જાણીને રોગનો ત્યાગ કરવાનો ઉપાય કરે છે, તેમ ધર્મી નિરોગ આત્મા... 'આરોગ બોહિ લાભમ્' એમ આવે છે, 'લોગસ્સ'માં આવે છે 'આરોગ બોહિ લાભમ્' મારું આરોગ્યપણું બોધિ લાભ છે. હું શુદ્ધ ચૈતન્ય રાગ રહિત, શરીર રહિત છું, એવી પોતાના સ્વરૂપની રુચિ—દૃષ્ટિ થાય તેનું નામ 'આરોગ બોહિ લાભમ્' છે. નિરોગતા—બોધિનો લાભ થવો તેનું નામ આરોગ્યતા લાભ છે. અને રાગ મારો છે, શરીર મારું છે તેનાથી મને લાભ થાય (એમ જે માને છે તેને) મોટી ભ્રાંતિનો, સન્નેપાતનો રોગ લાગુ પડ્યો છે.

મુમુક્ષુ : ત્યાગનું માહાત્મ્ય છે.

ઉત્તર : ત્યાગનું તો માહાત્મ્ય કહે છે. આ શું કહે છે? એ તો વાત કરે છે. શું કહ્યું? અંદરમાં રોગ હોય તો અજ્ઞાની રોગને જાણે છે કે નહિ? રોગને છોડવાનો ઉપાય કરે છે કે નહિ? એમ અંદરમાં રોગ છે, એ મારો છે અને હું તેનો છું, એમ રોગને છોડવાનો ઉપાય કરે કે તેને રાખવાનો ઉપાય કરે? છોડવાનો. રાગને છોડવાનો ઈલાજ કરે, રાખવાનો ઈલાજ ન કરે. કહો, સમજાણું કાંઈ?

**'તેમના પ્રત્યે પૂર્ણ વૈરાગી થઈ જાય છે.'** લ્યો! આહાહા..! રોગના ઢગલા શરીરમાં હોય તો ખુશ થાય છે? શરીરમાં સોળ રોગ, લ્યો! સોળ રોગ. સમજાય છે કાંઈ? નારકીને સોળ રોગ એકસાથે (હોય). સમ્યગ્દર્શન છે (તો) જાણે છે કે મને રોગ જ નથી. એ શરીરમાં છે, મારામાં નથી. અજ્ઞાની જાણે છે કે, રોગ મને થયો, મારામાં થયો. અજ્ઞાની હોય તોપણ રોગ રાખવાનો ઉપાય કરે છે? સમજાણું કાંઈ? એમ ધર્મીમાં પુણ્ય-પાપના ભાવ થાય છે તે રોગ છે. ગૂમડું છે, ગૂમડું. આહાહા..! સમજાણું કાંઈ? એને (પુણ્યને) તો આમ ગળે વળગે છે. પુણ્યનો ભાવ, હોં! ગળે વળગ્યો છે. પુણ્ય ક્યાં હતું તારે? સાંભળને. ઓહોહો...! પવિત્રતા, ભગવાનઆત્મા એકલો પવિત્રતાનો પિંડ પ્રભુ, તેની જેનો (જેને) અભાવ (છે), તેને પુણ્ય-પાપનો આદર કરવાનો ભાવ છે, જ્ઞાનીને નથી. સમજાય છે કાંઈ?

**'રાગાદિ ભાવ અને શરીરાદિ રોગોને રોગ અને આત્મા માટે હાનિકારક જાણીને તેમના પ્રત્યે પૂર્ણ વૈરાગી થઈ જાય છે.'** તેની સારસંભાળ કરું તો મને ઠીક (થાય), એમ માનતા નથી. વિકલ્પ આવે છે પણ એ વિકલ્પ પણ નિરર્થક છે. મારા શરીરની વ્યવસ્થા એ વિકલ્પથી થાય છે એમ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? **'હવે રોગ મટાડવાનો ઉદ્યમ કરવો એ જ રોગી માટે બાકી રહે છે.'** જેને રોગ જાણ્યો તેનું નિવારણ કરવાની ભાવના (બાકી) રહી.

**'તેથી પ્રવીણ રોગી ખૂબ ભાવપૂર્વક પ્રવીણ વૈદ્ય દ્વારા બતાવવામાં આવેલી...'** જુઓ! બેય લીધું છે. એક તો પ્રવીણ રોગી, એને ખબર છે કે આ રોગ છે. ભાન વિનાના મૂઢ હોય એને ખબર પણ ન હોય કે, આ રોગ છે કે નહિ. પ્રવીણ રોગી અને 'ખૂબ

**ભાવપૂર્વક પ્રવીણ વૈદ્ય દ્વારા...'** જ્ઞાની દ્વારા **'બતાવવામાં આવેલી ઔષધિ...'** જો આ તારી ચીજમાં રાગાદિ પુણ્યાદિ થાય છે એ તને રોગ છે. સમજાણું કાંઈ? **'ઔષધિનું સેવન કરીને ધીરે ધીરે નીરોગી થઈ જાય છે.'**

**'તેવી જ રીતે સમ્યગ્દષ્ટિ જીવ ચારિત્ર મોહનીયના વિકારો દૂર કરવા માટે...'** ચારિત્રમોહના નિમિત્તે પોતામાં રાગનો રોગ થાય છે. રાગનો રોગ, શુભરાગનો રોગ, અશુભરાગનો રોગ. આહાહા..! ધર્મીની ષ્ટિ ક્યાં છે અને ક્યાંથી ઊઠી ગઈ છે (તે બતાવે છે). વિકાર ઉપરથી ષ્ટિ ઊઠી ગઈ છે. વિકાર મારા ચૈતન્યમાં છે જ નહિ. વિકારને રોગ જાણીને તેને છોડવાનો, ટાળવાનો ઉપાય કરે છે. કે રાખવાનો (કરે છે)? આ (અજ્ઞાની) તો કહે, શુભરાગ રાખો, શુભરાગથી ધર્મ થશે. અહીં તો કહે છે, શુભરાગ આવે છે (તો તેને) રોગ સમાન જાણીને ધર્મી તેને છોડવાનો ઉપાય કરે છે. કહો, આ તો સાદી વાત છે, સમજાય છે કે નહિ? ભાઈ! સરળ વાત છે.

શરીરમાં રોગ થાય તો રોગ રાખવાની ઇચ્છા છે? દવાના બાટલા ભરી રાખો. દવા ભરી રાખો, ભાઈ! ઘણી દવા રાખો, આપણે રોગ રાખવો છે અને રોગ ઉપરની દવા પણ રાખો. અરે...! હાલ.. હાલ...! ભાઈસાહેબ! રોગ આજે જ મટી જાય તો દવા-બવા કોણ કરે? એ તો રોગ જાણે છે.

એમ ધર્મી, ધર્મ તેને કહેવાય કે પોતાના આત્મામાં ધર્મીએ અતીન્દ્રિય આનંદ માન્યો છે અને રાગ પુણ્ય, દયા, દાન, વ્રતનો ભાવ આવે છે તેને ધર્મી રોગ જાણે છે. આહાહા..! અરે..! ભગવાન! અને રોગને ટાળવાનો ઉપાય કરે છે અને ટાળવાનો ઉપાય પણ (એ કે) પોતાના સ્વરૂપમાં એકાગ્રતા (કરવી) તે ટાળવાનો ઉપાય છે. સમજાય છે કાંઈ? બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ : એનું નામ ત્યાગ બહારનો...

ઉત્તર : પછી સ્થિરતા થાય છે તો ક્રમે ક્રમે રાગ ઘટી જાય છે, એટલો નિમિત્તનો સંયોગ છૂટી જાય છે. બસ! એ ત્યાગ (થયો). બહારનો ત્યાગ શું? બહારની ચીજ શું (અંદર) ઘૂસી ગઈ છે તો ત્યાગ કરવો છે? રાગ-દ્વેષનો વિકાર પોતાની પર્યાયમાં છે તેને પોતાના માને છે તેને છોડી દે. પોતાનું (સ્વરૂપ) આનંદકંદ શુદ્ધ ચૈતન્ય છે તેની દૃષ્ટિ કર તો દૃષ્ટિ અને જ્ઞાનની પરિણતિમાં રાગનો ત્યાગ થઈ જશે. પછી જેટલી સ્વરૂપમાં સ્થિરતા થશે તેટલી રાગ, અસ્થિરતા ઘટી જશે, એટલું સંયોગ નિમિત્ત ઉપરથી તારું લક્ષ છૂટી જશે. જ્યાં કરવાનું છે ત્યાં કર ને, જ્યાં નથી કરવાનું ત્યાં કરવા જાય છે. છોડો બહારની ચીજ. ઓલા કહે, બહારની ચીજ છૂટે તો રાગ છૂટે, એમ કહે છે, લ્યો!

મુમુક્ષુ : શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર : આવે છે એનો અર્થ શું? પરનું લક્ષ છોડી દે, બીજું છે શું? અહીંયાં આત્મામાં લક્ષ કર. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર પડ્યો છે. ચૈતન્યમૂર્તિ, અતીન્દ્રિય આનંદ કાઢ, અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત કાઢીશ તોપણ ત્યાં ખૂટશે નહિ. આહાહા..! એટલી અતીન્દ્રિય આનંદની ખાણ આત્મા છે.

જેમ આ જ્ઞાન, જ્ઞાનમય છે, આ આત્મા જેમ જ્ઞાન જ્ઞાનમય છે તેમ એ અતીન્દ્રિય આનંદમય છે. પુણ્ય-પાપ રાગમય આત્મા છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'પ્રવીણભાઈ'! જુઓ, અહીં પ્રવીણ રોગી અને પ્રવીણ (વૈદ્ય) બેય લીધા છે. બેય (પ્રવીણ હોવા) જોઈએ. ઓલા રોગીને ભાન હોવું જોઈએ કે ક્યો રોગ છે? કાંઈકનું કાંઈક બતાવે તો ઓલો બધા રોગ ક્યાં પકડી શકે? ઘણા તપાસ કરાવે કે, અમને અહીં દુઃખે છે. આ બેન, નહિ? 'જગજીવનભાઈ'ની દીકરીએ ઘણાને બતાવ્યું પણ કોઈ પકડી શક્યું નહિ. મને અંદર રોગ (છે), મને બહુ દુઃખ થાય છે. ક્યાં ગયા 'જગજીવનભાઈ'? એમની દીકરી

**(પ્રવચનનો શેષ પૃષ્ઠ-૧૬ ઉપર...)**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૧૯૬ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૪–૩–૧૯૮૩, પ્રવચન નં. ૭૭ (વિષય : માર્ગદર્શન)**

**ક્રોધમાં રંગાયેલો કહે કે અમે ક્રોધના જ્ઞાતા છીએ તો એમ નથી એ તો ક્રોધથી રંગાયેલો છે. જ્ઞાતા નથી. જ્ઞાનથી જે રંગાયેલો છે. એ જ ક્રોધના પરિણામનો જ્ઞાતા છે. ૧૯૬.**

(૩૧:૪૦ મિનિટથી)

૧૯૬. '**ક્રોધમાં રંગાયેલો કહે કે અમે ક્રોધના જ્ઞાતા છીએ તો એમ નથી એ તો ક્રોધથી રંગાયેલો છે.**' આ બોલકા થઈ જાય છે ને. પરમાગમના વીતરાગતાને પ્રાપ્ત કરાવનારા સિદ્ધાંતો છે, પરમશાંત રસના મૂળ છે એ, એ વાતની ગંભીરતાને નહિ સમજીને ક્રોધ કરતો જાય અને એમ કહે કે અમે તો ક્રોધના જ્ઞાતા છીએ. કહે છે કે એમ નથી, ભાઈ! એવું બોલકાપણું આવી જાય તેમાં તત્ત્વનું ખૂન થાય છે. જેમ સિદ્ધાંત તૂટી જાય તો તત્ત્વનું ખૂન થાય છે, એમ અહીંયાં પણ તત્ત્વનું ખૂન થાય છે. એક એક વાત 'ગુરુદેવ' કરી ગયા છે એ બહુ કિંમતી વાતો કરી ગયા છે. હજી તો જેમ જેમ સમય જશે એમ એની કિંમત થશે.

મુમુક્ષુ :- સમય જશે એટલે કિંમત થશે.

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ કે હજી તો વાણી મળે છે, કેટલીક ઉપલબ્ધિ છે. પછી તો એવા જીવો છે કે જેને સંયોગ નહોતો થયો, જોયા નહોતા, સાંભળ્યા નહોતા એને એમ થશે. અરે..! તમે સાંભળ્યા? તમે જોયા હતા? તમે દર્શન કર્યા હતા? તમે સાંભળવા જતા હતા? અમારા તો નસીબમાં નહિ એ કે તે દિ' અમારો જન્મ નહોતો. આગળ એ પરિસ્થિતિ આવશે. એવું 'શ્રીમદ્'ના વખતમાં થયું હતું. ઘણા પછતાણા. પાછળથી સાહિત્ય બહાર આવ્યું ત્યારે ઘણા પછતાણા કે અરે..! આપણે આઘેથી એમના વિષે સાચી-ખોટી અફવાઓ ઊડી તે માની લીધી અને સંકલ્પ કરવાની દરકાર કરી નહિ, ઉપેક્ષા કરી અને વખત ચૂકી ગયા, સમય ચૂકી ગયા.

શું થાય છે? કે આ જગત એટલું હલકું છે કે સંતમાં સંતપુરુષ હોય તોપણ એ સંત આત્મા માટે પણ અનેક પ્રકારની વાતો કરતા જરાય અટકાટ આવે નહિ. એવી વિચિત્રતા છે. પરિણામે શું થાય છે કે કેટલાક દૂર રહેનારા થોડા હળુકર્મી હોય તોપણ તે કાળે પાત્રતાના અભાવને લઈને એવી અફવામાં આવી જાય છે. માની લે છે. પરિણામે એનો સંપર્ક કરવો, એનો સમાગમ કરવો એ વખતને એ ચૂકી જાય છે. જેની કિંમત ન થઈ શકે એવી અમૂલ્ય સત્સમાગમની પળને એ ચૂકે છે. ખલાસ થઈ ગયું, પાછળથી તો પતો લાગે એવું નથી. એ પરિસ્થિતિ આવે છે.

શું કહે છે? '**ક્રોધમાં રંગાયેલો કહે કે અમે ક્રોધના જ્ઞાતા છીએ તો એમ નથી, એ તો ક્રોધથી રંગાયેલો છે.**' તન્મય થઈ ગયો છે, ઓતપ્રોત થઈ ગયો છે એ તો. જ્ઞાતાપણું રહે એ તો ક્રોધાદિના ભાવથી ભિન્નપણે પોતાનો જ્ઞાતાપણે અનુભવ કરે છે. ભલે એ અનુભવ લબ્ધમાં છે પણ પ્રગટ છે, મુખ્ય અનુભવ છે.

જે જ્ઞાનધારા અને કર્મધારારૂપ બે પ્રકારની ધારા (છે), જેને સ્વભાવધારા અને વિભાવધારા કહીએ, એ બંને પ્રકારના ભાવો સાધક અવસ્થામાં સાધકને વિદ્યમાન છે. એમાં મુખ્યપણે અનુભવ સ્વભાવનો છે અને ગૌણપણે અનુભવ વિભાવનો છે. એમ છે. એટલે જે જ્ઞાતા રહે છે એ ક્રોધથી ભિન્ન પોતાના જ્ઞાતા સ્વભાવનો મુખ્ય અનુભવ કરે છે અને ક્રોધાદિભાવ એની અવસ્થામાં છે એને ગૌણ કરી જાય છે અને અનુભવ કરે છે. એની અવસ્થામાં છે એટલે અનુભવમાં ન આવે એ પ્રશ્ન રહેતો નથી. છતાં એનો 'એ હું કરું છું' એવા તન્મય ભાવે અનુભવ કરતા નથી. ધર્મી જીવો ધર્માત્માઓ વિભાવ અંશને પોતાનો જાણીને, પોતાનો કરીને તન્મય થઈને એનો અનુભવ કરતા નથી. એ એની વિશેષતા છે.

ત્યારે એમ કહે છે કે ક્રોધના અમે જ્ઞાતા છીએ. ક્રોધ થયો એને મેં કર્યો નથી, કરાવ્યો નથી, ઠીક થયો, સારો થયો, કરવો જોઈએ, કર્યા વિના ચાલે નહિ એવું અનુમોદન પણ નથી. એનાથી ભિન્ન અમે જ્ઞાતા છીએ કે જે અમારું જ્ઞાનસ્વરૂપ પલટો મારીને, સંક્રમણ થઈને ક્રોધરૂપે ક્યારેય થતું નથી. સદાય જ્ઞાતા છીએ એમ કહે છે.

પણ સ્વચ્છંદ થાય છે, જ્યારે સમજણની વિપરીતતા થાય અને એમાં પણ તત્ત્વજ્ઞાનનો વિષય શીખી લે વાંચીને, સાંભળીને અને એ તત્ત્વજ્ઞાનના વિષયને યથાર્થપણે ગ્રહણ કરીને પરિણામની કેળવણી શુદ્ધ થવા અર્થેની ચાલુ ન થાય, એવી પ્રક્રિયા અને એ જાતના પ્રોસેસમાં ન આવે અને પછી એ જાણેલું, સાંભળેલું, મુખપાઠ કરેલું અને ધારણામાં સ્મૃતિમાં રહેલું એનો ઉપયોગ બચાવ કરવામાં કરે, ક્રોધ થાય, દોષ થાય અને બચાવ કરવામાં કરે કે અમે તો જ્ઞાતાદષ્ટા છીએ. અમે કાંઈ કરતા નથી, અમે તો જ્ઞાતાદષ્ટા છીએ. આત્મા ક્રોધ કરતો નથી. તમે સમજતા નથી. કહે છે કે ભાઈ! તારો સ્વચ્છંદ ફાટ્યો છે. સાંભળી સાંભળીને તારો પ્યાલો ફાટી ગયો છે એમ કહે છે. એ વાત બિલકુલ અનુકૂળ નથી.

મુમુક્ષુ :- નિશ્ચયાભાસી...

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયાભાસી છે. ઘણી વિપરીતતા આવી ગઈ છે. એમાં ઘણી વિપરીતતા આવી ગઈ છે. એમ કહેવા માગે છે. બધું કહી ગયા છે. કહેવામાં કાંઈ બાકી રાખી નથી. જે જે વાતો અને જે જે સિદ્ધાંતો વીતરાગતાના સ્થાપ્યા છે, તે તે વાતો કહેતા તેમાંથી આવો વિપર્યાસ ન થવો જોઈએ એ લાલબત્તી પણ મૂકતા ગયા છે. ઠેકઠેકાણે રેડ સિગ્નલ આપ્યો છે કે જો જો આમ ન જાય પાછું. ચાલતા-ચાલતા આ બાજુ જતા નહિ. ત્યાં પાછું ડેન્જર છે, ભય છે. ત્યાં નિગોદની ખીણમાં કૂદી પડીને ક્યાં જાશો પત્તો લાગશે નહિ. બધી ઘણી વાતો આવી છે.

મુમુક્ષુ :- આ ત્રણ બોલ એ જ આવ્યા ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધા એ વિષયના છે.

તીર્થંકર દ્રવ્ય હતું ને. 'ગુરુદેવશ્રી'નું તો તીર્થંકર દ્રવ્ય હતું એટલે એ કહેવાની પદ્ધતિમાં પણ જે વિષયને હાથમાં લે (એને) જાણે તાદશ્ય કરીને એનો ચિતાર આવે. અને એના બધા પડખા ચારે કોરથી છણીને ચોખ્ખું કરે. એવો પ્રકાર છે. એટલે બધી વાતો કરી છે.

કહે છે કે એ જીવ '**ક્રોધથી રંગાયેલો છે. જ્ઞાતા નથી.**' ક્રોધમાં રંગાયેલો જીવ જ્ઞાતા છું એમ વાત કરે, કહે છે કે ખોટી વાત છે. એ જૂઠો છે, ખોટો છે. ખરેખર એ કર્તા છે. ક્રોધનો કર્તા થઈને પરિણમે છે અને બચાવ કરે છે કે હું જ્ઞાતા છું. આ ક્રમબદ્ધમાં ગડબડ કરે છે. બધું ક્રમબદ્ધ છે. પાછું એને અનુકૂળ ન પડે એવો પ્રસંગ ભજે ત્યારે એની આકુળતા સમાય નહિ. બહારમાં બીજા પણ જાણે એવી રીતે એવા આકુળીત પરિણામે પરિણમે. વળી એને પૂછો કે આ ક્રમબદ્ધ છે ને? તો કહે એ તો અમારે એમ થવું એ પણ ક્રમબદ્ધ છે. હવે હાલ-હાલ ભાઈ. આ તારો સ્વચ્છંદ ફાટ્યો છે, બીજું કાંઈ છે નહિ.

ભાઈ! એ ક્રમબદ્ધ તો એવું છે કે અંદર જ્ઞાયક છું એમાં સ્થિર કરી દે એવું એ ક્રમબદ્ધ છે. તમામ પરિણામની ઉપેક્ષા. જે પર્યાયોની ક્રમબદ્ધતા જણાય કે એનું ક્રમસરપણું જણાય, ઉપેક્ષિત થઈ જાય જીવ. એના બદલે પૂરેપૂરો

તન્મય થઈને, આકુળતામાં તન્મય થઈને, તીવ્ર કષાયમાં તન્મય થઈને પરિણમે અને એમ કહે કે પરિણામ ક્રમબદ્ધ છે, એ પણ ક્રમબદ્ધ છે. કહે છે કે તું કાંઈ સમજ્યો નથી. એ વિષયનો એક છાંટો અડ્યો નથી. એવો વિષય છે.

પરિણામ ક્રમબદ્ધ છે એમાં તીવ્ર કષાય તો દૂર રહો, મંદ કષાયની પણ અપેક્ષા થતી નથી, ઉપેક્ષા થઈ જાય છે. અરે...! શુદ્ધિનો અંશ ઉત્પન્ન થાય છે એની પણ ઉપેક્ષા થઈ જાય છે અને અપેક્ષા થતી નથી. એવો જે સિદ્ધાંત છે કે જે ધ્રુવના અવલંબનમાં જીવને લઈ આવે છે. એ તીવ્ર કષાયના અવલંબનમાં પડ્યો હોય અને ક્રમબદ્ધ કહે, બહુ મોટો વિપર્યાસ થાય છે. જબરજસ્ત વિપર્યાસ છે એ. એ સામાન્ય વિપર્યાસ નથી. તે '**જ્ઞાતા નથી.**' '**એ તો ક્રોધથી રંગાયેલો છે. જ્ઞાતા નથી.**'

'**જ્ઞાનથી જે રંગાયેલો છે.**' જે જ્ઞાનમાં તન્મય થયો છે અને જ્ઞાનમયભાવે પરિણમી રહ્યો છે. જ્ઞાનના રંગે રંગાઈ ગયો છે એની વાત લે છે હવે. '**એ જ ક્રોધના પરિણામનો જ્ઞાતા છે.**' એને કદાચ તીવ્ર કષાયના અંશરૂપ ક્રોધ ઉત્પન્ન થાય, કોઈવાર અપ્રશસ્ત થાય, કોઈવાર પ્રશસ્ત પણ થાય. એ પ્રકાર આવે દ્વેષના. દ્વેષના (પ્રકાર) છે. તોપણ એ પરિણામનો એ જ્ઞાતા છે. એનાથી ભિન્ન જ્ઞાનમાં પડ્યો છે. ક્રોધમાં એ ઊભો નથી, જ્ઞાનમાં એ ઊભો છે. ક્રોધમાં અતન્મયપણે વર્તે છે, જ્ઞાનમાં તન્મયપણે વર્તે છે. આમ છે.

ક્રોધના અંશમાં લુખોલખ છે અને જ્ઞાનમય ભાવમાં, આત્મભાવના રસમાં એ બરાબર અલૌકિક પ્રકારે એ રસમાં આવેલો છે. ત્યારે ભિન્નપણું રહે છે. એક જ અવસ્થામાં બે અંશ ઉત્પન્ન થાય અને એના ને એના અંશથી ભિન્ન અનુભવ કરે એનો રસ કેટલો? ત્રિરાશી મૂકે તો સમજવું મુશ્કેલ છે એને. એક જ જીવના એના ને એના પરિણામમાં બે વિરુદ્ધ ભાવ થાય, ક્રોધાદિ ભાવ ઊપજે અને છતાં એનાથી ભિન્ન જ્ઞાનમય છું એવો અનુભવભાવે પરિણમે. કહેવાની વાત નથી, કહેવામાત્રપણે નથી. એનો એ જ્ઞાતાપણાનો રસ કેટલો કે જેથી એની એ અવસ્થામાં હોવા છતાં ભિન્ન પડી જાય છે. કેટલો રસ છે, કેટલો રસ છે અને કેટલો પુરુષાર્થ છે! એમ લેવું છે. એ ઘણો પુરુષાર્થ છે, અનંતો પુરુષાર્થ છે એની પાછળ. પણ ટ્રાય તો કરે. ન પુરુષાર્થ હોય તો ખબર પડે.

જે રાગાદિ ભાવ ઊપજે છે. તને ખબર તો પડે છે ને. જ્ઞાન તો છે કે નહિ? કે આ ક્રોધ થયો. જ્ઞાન વિના તો ખબર પડતી નથી. તો જ્ઞાન તારું હાજર છે, ક્રોધ પણ છે હવે ક્રોધપણે હું નથી, હું માત્ર જ્ઞાનપણે છું એ અનુભવમાં આવવાનો પ્રયત્ન તો કર તો સમજાય કે આમાં કેટલા પુરુષાર્થનું આ પ્રકરણ છે, કેટલા પુરુષાર્થમાં આવતા થાય છે, કેટલા સ્વરૂપરસમાં ઓતપ્રોત થતાં એ પ્રકાર ભજે છે. એ પ્રયત્ન કરે તો સમજાય એવું છે. પ્રયત્ને ચડે નહિ ત્યાં સુધી પ્રયત્નનો વિષય કેવડો અને કેટલો છે એ ક્યાંથી સમજાય એને? સમજાય એવું નથી.

મુમુક્ષુ :– બધામાં એવું લાગુ પડે ક્રોધ, મોહ, લોભ?

પૂજ્ય ભાઈશ્રી :– તમામ દોષમાં એમ. તમામ. ક્રોધ તો દૃષ્ટાંતરૂપે છે. રાગ, દ્વેષ, મોહ, ચારિત્રનો મોહ છે. ઓલો દર્શનમોહ નથી ત્યાં. ક્રોધ પણ ચારિત્રનો છે, રાગ પણ ચારિત્રનો છે, દ્વેષ પણ ચારિત્રનો દોષ છે. દર્શનમોહના દોષ ધર્માત્માને હોતા નથી. જે ભિન્ન પડે છે એવા ધર્મીને ચારિત્રમોહના દોષ છે અવિરત સમ્યગ્દૃષ્ટિને. દેશવિરતીને એના પ્રકારમાં ઘટેલા છે. સર્વવિરતી મુનિને સાવદ્ય પ્રકારના કોઈ દોષ થતાં નથી. થાય તો મુનિ હોતા નથી. ભૂમિકા બહારના છે તેથી.

પરમ દિવસના ગુજરાત સમાચારમાં આવ્યું. 'બાવળા' પાસે ૭૨ જિનમંદિર બાંધે છે એક સાધુ. શ્વેતાંબરના સાધુ. કેટલા? એક સાથે ૭૨. કરોડોના ખર્ચે. ૭૨ છે ને. ત્રણ ચોવીસી, ત્રણ ચોવીસીના. ભૂતકાળની ચોવીસી છેલ્લી, વર્તમાન આ ચાલુ થઈ ઋષભદેવ ભગવાનથી મહાવીર પર્યંતની એ પહેલાની અને હવે પછી થશે. ત્રણ સ્થાપી છે ત્યાં. જોકે એમાં એમ નથી લખ્યું કાંઈ. આ તો ૭૨ની સંખ્યા છે એટલે. એમ કે પદ્માવતી સ્વપ્નમાં આવી છે અને કીધું છે કે તું આ કર. હું તને પ્રેરણા આપું

છું. જે દાન દેનાર છે એને હું પ્રેરણા આપીશ. સ્વપ્નામાં આવી પદ્માવતી. તો કહે પણ મારું આટલું ક્યાં ગજું છે? અરે, પણ હું છું ને. તને હું પ્રેરણા આપું છું અને દાન દેનારાને પણ પ્રેરણા આપીશ. પછી એક જણે જમીન આપી છે. જમીન આપી છે પછી આ પ્રસિદ્ધ કર્યું છે. સ્વપ્નુ તો થોડા મહિનાઓ પહેલા આવ્યું છે. પણ હમણા 'પાલિતાણા'માં એ દાન દેનાર કોક આવ્યા હશે. પછી વાત પ્રસિદ્ધ કરી છે. છાપામાં ફોટો ને બધો વિસ્તાર આવ્યો હતો. મુનિ હોય એ સાવદ્ય યોગની પ્રવૃત્તિ કરે નહિ. મંદિર કરવું, બંધાવું, કરાવવું, અનુમોદવું મુનિની ભૂમિકાની બહારની ચીજ છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉત્કૃષ્ટ શ્રાવક છે એને પણ એ નથી. એટલો આરંભ અને સમારંભ ઉત્કૃષ્ટ શ્રાવકને નથી. મુનિને હોવાનો તો પ્રશ્ન જ નથી કાંઈ. ઉત્કૃષ્ટ શ્રાવકને પણ દેશવિરતીને પણ એ નથી. નીચે છે.

મુમુક્ષુ :- પદ્માવતી પ્રેરણા કરે?

પૂજ્ય ભાઈશ્રી :- ના રે ના. ભ્રમણા બધી. એ બધી ભ્રમણા છે. વિચારો આવ્યા કરતા હોય ને એટલે સ્વપ્નું આવે. બહુ વિચાર ઘુંટાઈ જતા હોય તો સ્વપ્નું આવે. પણ ઓલા બીજા ભ્રમણાવાળા હોય ને એની નાતીલા? એને કોકને વાત કરી હોય ખાનગીમાં. ઓલાને શું પ્રેરણા કરવા જાય? ઓલાને વાત કરે કે મને આમ સ્વપ્નું આવ્યું છે અને તારું કલ્યાણ થઈ જશે. એમાં પછી લખ્યું છે કે જે જે તને મદદ કરશો એ બધાનું કલ્યાણ થઈ જવાનું છે. આ છાપામાં નાખ્યું છે. એ તો ઓલા લોભિયા છે એ ઊડી ઊડીને પતંગિયાની જેમ પડે. કલ્યાણની લાલસાથી. સમજાણું? એ બધી ચોખ્ખી છેતરપિંડી હોય છે. કરે, કરાવે, પોતે બીજાને અંદરખાનેથી કરે અને એમ કહે કે અમને સામેથી આવીને કીધું. આ બધું જોયું છે, બધી પોલની ખબર છે. અંદરથી કહેવડાવી દે કે આમ તમે કરજો. જાહેર એમ કરે કે અમને કીધું એટલે (કર્યું). અમે કાંઈ આ કરતા નથી. એ તો અમારી પાસે સામેથી આવ્યા હતા, સામેથી આવ્યા હતા. કાંઈ વાતમાં માલ હોતો નથી. એ બધા પ્રકાર ઘણા માયા કપટના માન લેવા માટે ઉત્પન્ન થાય છે. એની પાછળ આશય એ હોય છે કે ફલાણા આમ કરે છે તો અમે આમ કરીએ છીએ. એ આમ કરે છે તો અમે આમ કરીએ છીએ. બધા એની અંદર બધી અમારા દાણાપીઠમાં વેપારીને પણ સ્પર્ધા હોય. તેલવાળાને તેલની અને ખાંડવાળાને ખાંડની, અનાજવાળાને અનાજની, મીલવાળાને મીલની. એમ એ બધો વેપાર ચાલે છે. અંદર ઓલાએ ત્રણ જિનાલય બંધાવ્યા તો આ કહે હું પાંચ બંધાવું તો ઓલો કહે હું દસ બંધાવું, ઓલો કહે પચ્ચીસ બંધાવું, બોત્તેર બંધાવું. સ્પર્ધાએ ચડે છે. બીજું કાંઈ એમાં છે નહિ. એના કરતા જાજું માન મળે. એ બધા પ્રકાર સંસારના છે. એમાં ક્યાંય મોક્ષમાર્ગનો છાંટો નથી. વિપરીતતા અહીંયાં થોડી પણ નથી પણ ઘણી વધેલી વિપરીતતા છે. એ પ્રકાર છે.

અહીંયાં તો કહે છે કે સિદ્ધાંત સાંભળીને પણ એ સિદ્ધાંતની જે ગંભીરતા છે, વીતરાગતાના મૂળિયા જેમાં પડ્યા છે એ વીતરાગતાના મૂળિયાનું મૂલ્ય કરજે, એની કિંમત કરજે. એનું અવમૂલ્યન થાય એવું કાંઈ થવું જોઈએ નહિ. કરે છે ને રૂપિયાનું અવમૂલ્યન કરે છે ને? એ રૂપિયાનું થાય, સિદ્ધાંતનું ન થાય એમ કહે છે. ભલે આખી દુનિયાને રૂપિયાની કિંમત હોય, ડોલરની કિંમત હોય, પાઉન્ડ, સ્ટર્લિંગની કિંમત હોય, એ બધાનું અવમૂલ્યન થાય. સિદ્ધાંતનું તો ત્રણે કાળમાં કોઈને અવમૂલ્યન કરવાનો અધિકાર નથી. ગમે તે જીવ હોય નહિ. સિદ્ધાંતનું અવમૂલ્યન કરવાનો કોઈને અધિકાર નથી. આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને લઈને અવમૂલ્યન કરવું એ વીતરાગની વિરુદ્ધ પડવાની વાત છે. વીતરાગના માર્ગને લૂંટવાની એ વાત છે ખરેખર તો. એ ચાલી શકે નહિ. માર્ગને વિશે એનો પ્રવેશ નથી એમ કહે છે.

અહીંયાં કહે છે કે '**જ્ઞાનથી જે રંગાયેલો છે.**' જે જ્ઞાનમય સ્વભાવમાં, જ્ઞાનના સ્વસંવેદનમાં તન્મય થઈને, અભેદ થઈને જ્ઞાનમાં જ્ઞાનને વેદે છે, તે જ્ઞાનના રંગે

રંગાયેલો છે. જ્ઞાનીના સર્વ પરિણામ જ્ઞાનમય છે. ક્રોધ ઉપજ્યો છે ત્યારે પણ તેના પરિણામ જ્ઞાનમય છે કે આ ક્રોધ કરવા યોગ્ય નથી અને આત્માને લાભનું કારણ નથી પણ નુક્સાનનું કારણ છે એમ તે કાળે જાણે છે. શુભ પરિણામ થાય ત્યારે પણ એમ જાણે છે કે આ શુભભાવ છે. રાગરૂપી, કષાયરૂપી મલિન પરિણામ છે, આત્માને હિતકર નથી. એવું જ્ઞાન, વ્યવહારના પરિણામ થાય ત્યારે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર વ્યવહાર રત્નત્રયના પરિણામ થાય ત્યારે પણ તેને જાણેલો પ્રયોજનવાન છે. એમ લીધું છે કે નહિ? આમ પ્રયોજનને સાધે છે કે આ પરિણામ છે તે આત્માથી ભિન્ન છે અને આત્માને હિતકર નથી. હું જ્ઞાનસ્વરૂપી છું અને આ પરિણામસ્વરૂપે નથી, એવું જે જ્ઞાન, તેથી એવું પરિણમન જ્ઞાનમય પરિણમન છે. એના સર્વ પરિણામો જ્ઞાનમય છે અને રાગાદિમય કે ક્રોધામય નથી.


એ ખરેખર '**એ જ ક્રોધના પરિણામનો જ્ઞાતા છે.**' ભળતો નથી, તન્મય થતો નથી. '**એ જ ક્રોધના પરિણામનો જ્ઞાતા છે.**' એની ઉપેક્ષા કરે છે ત્યારે જ્ઞાતા છે. અપેક્ષા કરીને જ્ઞાતા રહે (એમ) બે વાત છે નહિ. ઉપેક્ષા કરે છે એના પ્રત્યે. તેથી વર્તમાનમાં તે ઉદયભાવ અશક્તપણે થાય છે. એની શક્તિ કામ નથી કરતી. કષાયની કષાયશક્તિ ત્યાં રહી નથી. એવો એ કષાય છે કે જેની કષાયશક્તિ તૂટી ગઈ છે એવો એ કષાય છે. એ કષાય નિર્બળ થતો, નિર્જરતો-નિર્જરતો નાશ પામે છે. કષાય છે એ ત્યાં નિર્બળ થતો અને જર્જરિત થતો નિર્જરે છે. આ કપડું જર્જરિત થાય છે ને. દેહ જર્જરિત થાય છે, કપડું જર્જરિત થાય છે. પછી એમાં શક્તિ ન હોય. જર્જરિત થાય એમાં શક્તિ ન હોય. ધોવે અને નીચોવે ત્યાં ફાટવા માંડે. કેમકે જર્જરિત છે. એ તાણાવાણામાં શક્તિ રહી નથી. એવો એ ઘસાઈ ગયેલો કષાય છે. એ રીતે એ ક્ષય પ્રત્યે, કષાયના ક્ષય પ્રત્યે જતી એ કષાયની પરિણતિ છે. અને આત્માની પરિણતિ પોતાના ધ્યેયની પૂર્ણતા પ્રત્યે જતી એ પરિણતિ છે. એમ બેયની લાઈન આખી ફરી ગઈ છે બેય ધારાની. એને એમ કહેવાય કે એ જ્ઞાતા છે અને કર્તા નથી. કરે છે પણ કરતો નથી, બોલે છે પણ બોલતો નથી, ખાય છે પણ ખાતો નથી. આમાં આવે છે. ભાગવતમાં એ વિષય આવે છે.

'શ્રીકૃષ્ણ', દુર્વાસાએ ઉપવાસ કર્યો તો કહે નહિ એણે આહાર કર્યો છે. 'શ્રીકૃષ્ણે' આહાર કર્યો તો કહે, નહિ એ ઉપવાસી છે કહે. ઠીક! સોળ હજાર એકસો ને આઠ રાણી છે. વાસુદેવ છે ને? તો કહે, બ્રહ્મચારી છે. ઠીક! શું છે આ? કે અંદરમાં ભિન્ન પડી ગયા છે. એમ લેવું છે. સાધકદશામાં અંદરની જે ભિન્નતા છે એને બોલે છે પણ બોલતો નથી એમ કહેવામાં આવે છે અને ચાલે છે પણ ચાલતો નથી એમ કહેવામાં આવે છે. એ રીતે ક્રોધનો જ્ઞાતા છે.

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ફેબ્રુઆરી-૨૦૨૧)નું શુલ્ક મનીષાબહેન હેમંતભાઈ શાહ, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૮–B



પ્રશ્ન :– અમને તો આપ ગુરુ સાચા મળ્યા ત્યાર પછી જિજ્ઞાસા જાગી છે. તો એનો બેયનો મેળ કેવી રીતે કરવો?

ઉત્તર :– સાચી જિજ્ઞાસા જાગે તો ગુરુ મળે જ. એ તો એમ કે પોતાની ભાવના હોય તો એવું નિમિત્ત બને. પણ જિજ્ઞાસા તૈયાર નહોતી અને ગુરુ મળ્યા એ તો એમ પણ બને. એવા પૂર્વના પુણ્યને લઈને પોતાની તૈયારી નહોતી તોપણ ગુરુ મળ્યા. એ તો મહાભાગ્યની વાત કે પૂર્વના પુણ્યને લઈને ગુરુ મળ્યા. પોતે તૈયારી નહોતી તોપણ. તો પોતે તૈયારી કરવાની રહે છે. કોઈને એમ પણ થાય કે ગુરુ મળે અને પોતાની જિજ્ઞાસા જાગે અને કોઈ પોતે અંદરથી વિચાર કરીને ગુરુની શોધમાં હોય, ગુરુ ક્યાં મળે? ક્યાં મળે? એમ અંદર હૃદયમાં એટલી ભાવના થાતી હોય તો એને એવી જાતના પુણ્યનો સંબંધ થઈ જાય કે એને ગુરુ મળ્યા વગર રહે જ નહિ. એવો ઉપાદાન–નિમિત્તનો સબંધ થઈ જાય કે જો તારી સાચી ભાવના અને જિજ્ઞાસા છે તો તને ગુરુ મળ્યા વગર રહેશે જ નહિ. પણ કોઈને એમ પણ બને કે પોતાની કાંઈ તૈયારી નહોતી તોપણ ગુરુ મળી જાય પૂર્વના પુણ્યને લઈને. નાના નાના બાળકો બધા હોય એ બધાને ગુરુ કુદરતી મળી ગયા. કારણ કે પૂર્વના પુણ્ય એવા લઈને આવે છે. પછી તૈયારી પોતાને કરવાની રહે છે. ગુરુ મળે અને જિજ્ઞાસા જાગે કોઈને. કોઈને પોતાની જિજ્ઞાસા તૈયાર થાય અને ગુરુ મળે. એમ થાય. કોઈ તો ગુરુ મળે તોપણ પોતે તૈયારી કરતો નથી. એવા પણ હોય છે. સહેજે ગુરુ મળ્યા. પૂર્વના પુણ્યોદયે મહાભાગ્યે ગુરુ મળ્યા, શાસ્ત્રો (મળ્યા). તું તૈયારી કર હવે, તું પુરુષાર્થ કર.

પ્રશ્ન :– માતાજી! આલોચના અધિકારમાં સમભાવ આવે છે સમતાભાવ. અમારે પ્રેમચંદભાઈ પૂછતા હતા કે સમતા એટલે શું બધાને સરખા માનવા એ? માતાજી! એનો ખુલાસો સ્પષ્ટ કરશો.

ઉત્તર :– સમતાભાવ એટલે બધાને સરખા માનવા દ્રવ્યદષ્ટિએ બધા આત્મા છે, સિદ્ધ ભગવાન છે. કોઈ ઉપર રાગ–દ્વેષ નહિ કરવા. એમ. પોતે જ્ઞાન તો કરે ગુણ–દોષનું. કેટલા ગુણ કોને પ્રગટ થયા છે, નથી થયા. પછી રાગ–દ્વેષમાં રોકાય નહિ પણ એનું જ્ઞાન તો હોય. સાચા–ખોટાનો વિવેક તો હોય. સાચું શું છે? ખોટું શું છે? ગુરુ કોણ છે? સાચા ગુરુ કોણ છે? સાચા દેવ કોણ છે? સાચા શાસ્ત્ર કોણ છે? એટલે સાચા શાસ્ત્ર, સાચા ગુરુ, સાચા દેવ એની પરીક્ષા કરે અને ખોટા કુદેવ, કુગુરુને માને નહિ, એને આદર સત્કાર કરે નહિ. પોતાને આદર સત્કાર તો સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર ઉપર આવે છે. એટલે કાંઈ એને રાગ–દ્વેષ નથી. એ તો સાચો વિવેક કરે છે. બધાને સરખા માનવા એટલે બધા દેવ સાચા ન હોય તો એને દેવ માની લેવા એવો એનો અર્થ નથી. જેની ભૂમિકા જે જાતની હોય તેટલું સાચું જ્ઞાન કરવું. સાચા જ્ઞાન વગર તો ખોટું થઈ જાય. માર્ગ અંદરથી મળે નહિ પોતાને.

દ્રવ્યદષ્ટિએ બધા સરખા, પણ કોને અંદર કેવી જાતના ગુણો પ્રગટ થયા છે એ સમજે. સાચા શાસ્ત્રો, વીતરાગી શાસ્ત્ર શું છે? એમાં શું આવે છે? બીજા શાસ્ત્રનો બધો વિવેક કરે. બધું સરખું માનવું એવો અર્થ નથી એનો. દ્રવ્યદષ્ટિએ સરખા, પર્યાયોમાં ફેર પડે છે. પોતે ગુણી દેખીને આદર કરે તો પોતાને ગુણનો આદર છે. જેને સાદકદશા પ્રગટ થઈ, પૂર્ણતા પ્રગટ થઈ એ પોતાને ગુણનો આદર છે. જેને ગુણ નથી પ્રગટ થયા તો દોષનો કાંઈ આદર નથી. જે પોતે કાંઈ

સમજતા નથી, એકત્વબુદ્ધિમાં પડ્યા છે, ભ્રાંતિમાં પડ્યા છે એનો આદર કરવો એવું કાંઈ શાસ્ત્રમાં આવતું નથી અને એ કાંઈ ન્યાય પણ નથી. એમાં કાંઈ પોતાને લાભનું કારણ નથી. એને કાંઈ રાગ–દ્વેષ કહેવાતા નથી.

પ્રશ્ન :– એને આપણે જ્ઞાનની મૂઢતા કહીશું?

ઉત્તર :– જ્ઞાનની મૂઢતા? એ જે નથી સમજતો એ મૂઢતા કહેવાય. ઓલો તો સાચો વિવેક પ્રગટ્યો છે. પર્યાયનો વિવેક તો હોવો જોઈએ ને. નહિતર જ્ઞાનની મૂઢતા છે. બધું સરખું જ્યાં હોય ત્યાં, આપણે કાંઈ સમજીએ નહિ, બધાને પગે લાગો. એ કાંઈ વિવેક નથી. પગે લાગવાનું કારણ પોતાને લાભ થાય, પોતાને ગુણનો આદર છે.

પ્રશ્ન :– રાગ–દ્વેષ કરવો એ જુદી વાત છે પણ એનો અર્થ એ નથી કે જ્ઞાનમાં મૂઢતા અથવા પર્યાયનો વિવેક ન હોય.

ઉત્તર :– વિવેક ન કરવો એવો અર્થ નથી. એમ સમભાવ રાખે. એ જે કોટીમાં હોય એને સમજે, એના ઉપર દ્વેષ ન કરે. પણ જે દોષમાં હોય તો દોષને દોષ સમજે, ગુણને ગુણ સમજે. એના ઉપર કાંઈ ઉત્સાહ આવે કે એના ઉપર આદર આવે એવું કાંઈ ન થાય. પરીક્ષા ન હોય તો પોતાને આત્મામાં આગળ જાવું છે, આત્માનો સ્વભાવ ઓળખવો છે. જેને પ્રગટ થયો એની પાસેથી જ સમજાય છે. જે નથી સમજતા એની આગળથી કાંઈ સમજાતું નથી, એ કાંઈ સમજવાનું નિમિત્ત થાતું નથી. જેને સાચું પ્રગટ થયું છે તેનું જ નિમિત્ત બને છે. માટે તે સમજવા માટે સત્‌ને ઓળખી લેવું (કે) સત્પુરુષ કોણ છે.

અંદર વિવેક કરવાનો રહે છે. જ્ઞાનસ્વભાવ શું છે? જ્ઞાયક કોણ છે? આ વિભાવ શું છે? આ પર્યાયો શું છે? અંતરમાં પણ સમજવાનું રહે છે. એમ ને એમ વગર સમજે આપણે સમભાવ રાખવો. અંતરમાં કોણ આત્મા છે? શું પર્યાય છે? શું વિભાવ છે? શું પ્રગટ કરવાનું છે? મોક્ષમાર્ગ શું છે? એ અંતરમાં સમજવાનું રહે છે અને દેવ–ગુરુ–શાસ્ત્રમાં સમજવાનું રહે છે. અંતરમાં પોતાની પર્યાયનો વિવેક કરવાનો હોય છે (કે) આ પર્યાય શું છે? દ્રવ્ય શું છે?

પ્રશ્ન :– નિમિત્તના વિવેકની વાત આવી, અંદરમાં વિકારી ભાવનો વિવેક પણ આવ્યો અને પોતાના સ્વરૂપ સંબંધી પણ એને વિવેક આવવો જોઈએ.

ઉત્તર :– હા. વિવેક આવવો જોઈએ. નિમિત્તનો વિવેક, અંતરમાં વિવેક. વિભાવ–સ્વભાવને જુદા પાડવા છે. અંદર શું દ્રવ્યનો ક્યાં આશ્રય લેવાનો છે? પર્યાયમાં સાધના કરવાની એ બધાનું સમજવાનું રહે છે.

પ્રશ્ન :– ખોટામાં આદર અને ઉત્સાહ આવે તો જીવને ખરેખર તો મૂઢતા છે.

ઉત્તર :– મૂઢતા જ છે. એને આગળ જવાનું કારણ થતું નથી. દેખાવમાં એવું લાગે કે આ કેવો સમભાવ કરે છે. દેખાવમાં એવું લાગે. એ કાંઈ આત્માને હિતરૂપ નથી.

પ્રશ્ન :– માતાજી! ગુરુદેવના વચનામૃતમાં આવે છે કે પર્યાયદૃષ્ટિથી સંસાર છે અને દ્રવ્યદૃષ્ટિથી જ મોક્ષ અને વીતરાગતા છે. તો શું આવી પર્યાયદૃષ્ટિમાં આટલી બધી સજા? ચીભડાના ચોરને ફાંસીની સજા એવી સજા છે?

ઉત્તર :– એવું નથી. પર્યાયદૃષ્ટિથી સંસાર છે. ચીભડાના ચોરને ફાંસીની સજા નથી. અનાદિ કાળથી પર્યાય ઉપર જ દૃષ્ટિ રાખી છે. પર્યાય એક પછી એક જે ક્ષણે ક્ષણે બદલાય છે એના ઉપર જ દૃષ્ટિ છે. જે શાશ્વત દ્રવ્ય છે એ દ્રવ્યને ઓળખ્યું નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી. એટલે સંસાર છે. પર્યાયદૃષ્ટિ પર્યાય ઉપર દૃષ્ટિ તે સંસાર જ છે. ચીભડાનો ચોર નથી. એને મોટી ભ્રાંતિ, મોટો દોષ છે. સમજ્યા વગરનો ભ્રાંતિમાં પડેલો મોટો દોષ છે. પર્યાય એટલે જરાક દોષ એમ નથી, મોટો દોષ છે. દ્રવ્યને આખો ભૂલી ગયો છે. પોતાનું સ્વરૂપ જે મૂળ વસ્તુ, જે રાજા છે એને ભૂલી ગયો

છે. અને જે બહાર ઉપર ઉપરની પર્યાય છે એને ગ્રહણ કરી છે. એ મોટો દોષ છે. પોતાનો સ્વભાવ જે છે, મહિમાવંત સ્વભાવ એને ભૂલી, એને છોડીને પર્યાય તરફ બહાર ભમે છે. મોટો દોષ છે. પોતાનું સ્વઘર છોડીને બહાર ભમે છે એ મોટો દોષ છે. થોડો દોષ નથી, મોટો દોષ છે. સ્વભાવઘરને છોડીને, પોતાના સ્વભાવની મહિમા છોડીને ઓળખ્યા વગર ભ્રાંતિને લઈને બહારથી બધું જાણે મારું જ્ઞાન બહારથી આવે છે, મારું સુખ બહારથી આવે છે, બધું બહારથી આવે છે, બહારથી બધું લેવા જાય છે. પરદ્રવ્યમાં હું છું એવી બુદ્ધિ કરે છે એ મોટો દોષ છે.

પ્રશ્ન :– માતાજી! પર્યાયને પોતાની માને. પર્યાય તો પોતાનો જ અંશ છે. પછી એને કેમ આટલું બધું...?

ઉત્તર :– પોતાનો અંશ એટલે પણ એના વિષયની અંદર બહાર પદાર્થો પ્રત્યે એકત્વબુદ્ધિ કરે છે. એનો આશ્રય પરદ્રવ્ય તરફ જાય છે. પોતાની પર્યાય પણ વિભાવી પર્યાય છે, સ્વભાવપર્યાય ક્યાં હતી? અને એની દૃષ્ટિની અંદર બધા બહાર પદાર્થોમાં પોતે આત્મબુદ્ધિ કરે છે, જાણે આ બધું શાશ્વત છે. પરદ્રવ્ય ઉપર બધો આરોપ મૂકીને (વર્તે છે એ) એની ભૂલ મોટી છે. પર્યાય પોતાની હોવા છતાં એના આશ્રયમાં પરદ્રવ્ય છે. પોતાનું દ્રવ્ય નથી અને બીજાના દ્રવ્યનો–પરદ્રવ્યનો આશ્રય કરી રહ્યો છે. પર્યાય પોતાની એટલે સ્વભાવપર્યાય પોતાની (કહેવાય). આ પર્યાય પોતાની પણ ભ્રાંતિ છે. ખોટું છે, મોટો દોષ છે.

પ્રશ્ન :– એ પર્યાય પોતે ભ્રાંતિરૂપ થઈ ગઈ છે.

ઉત્તર :– ભ્રાંતિરૂપ થઈ ગઈ છે, ખોટું છે. જે સ્વભાવ છે એનાથી ખોટું છે. આંબાનો સ્વભાવ ઓળખ્યો નથી. કહેવાય છે ને ઓલું. આકોલિયામાં જાણે બધું છે એમ માની લીધું છે. આખું ખોટું જ છે. એ તો ઊંધું જ થઈ ગયું છે. તદ્દન ખોટું, મોટી ભ્રાંતિ છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય આખી દિશા જ જુદી છે. પરદ્રવ્યને પોતાનું માન્યું. પરમાં જ્ઞાન માન્યું, પરમાં સુખ માન્યું. બધું પરમાં જ માન્યું છે. પરના આશ્રયે સુખ, પર વયું જાય તો દુઃખ. બધું ખોટું. એકેએક મૂળમાંથી ખોટુ બધું.

પ્રશ્ન :– એકાંત પર્યાય માને છે એને પરનો જ આશ્રય હોય છે.

ઉત્તર :– પરનો જ આશ્રય. બધું આખું બધું ખોટું.

પ્રશ્ન :– દ્રવ્યદૃષ્ટિ થયા વિના પર્યાયનો આશ્રય છૂટતો નથી.

ઉત્તર :– દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરે તો પર્યાયનો આશ્રય છૂટે અને પર્યાયનો આશ્રય જેને છૂટે એને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય. પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો જ પર્યાય છૂટે. મુખ્ય દ્રવ્ય તરફથી લેવું. દ્રવ્યદૃષ્ટિ થાય તો પર્યાયદૃષ્ટિ છૂટે. પછી પર્યાય ઊભી રહે પણ પર્યાયની દૃષ્ટિ છૂટી જાય. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો પર્યાયદૃષ્ટિ છૂટી જાય છે.

પ્રશ્ન :– પર્યાયનું પરિણમન ચાલુ રહે તો પણ પર્યાયદૃષ્ટિ છૂટી જાય?

ઉત્તર :– પર્યાયનું પરિણમન ચાલુ રહે પણ દૃષ્ટિ છૂટી જાય. દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય. પરિણમન ચાલુ રહે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર થઈ ગઈ. એટલે એનું પરિણમન અમુક અંશે શુદ્ધ થઈ જાય છે, અમુક અંશે વિભાવરૂપ રહે છે. પરિણમન ચાલુ રહે પણ દૃષ્ટિ બદલાઈ ગઈ, દૃષ્ટિ બદલાણી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ એટલે અંશે પરિણમન શુદ્ધરૂપ થઈ ગયું. અને અમુક પરિણમન હજી વિભાવરૂપ રહે છે. પરિણમન ઊભું રહે, દૃષ્ટિ બદલાય ગઈ. દૃષ્ટિનો દોષ છે બધો. પર્યાય તો ઊભી રહે છે પણ દૃષ્ટિનો દોષ છે. પર્યાયદૃષ્ટિ કહેવાય છે ને? પર્યાય એકલી નુકસાન નથી કરતી પણ દૃષ્ટિ પોતાની નુકસાન કરે છે. દૃષ્ટિ બદલાણી તો પર્યાયની શુદ્ધિ થયા કરે છે પછી.

દૃષ્ટિ, શ્રદ્ધા બધું પોતાનું થઈ ગયું તો આખું પરિણમનનું ચક્ર ફરી ગયું. થોડું રહ્યું પછી. આખી દિશા બદલાય

ગઈ. ઓલી આખી દિશા પરદ્રવ્ય તરફ હતી. આ બધી સ્વદ્રવ્ય તરફ દિશા બદલાય ગઈ. એટલે દૃષ્ટિ બદલાણી એટલે અનંતો સંસાર છૂટી ગયો. હવે થોડું રહ્યું. આખી દિશા બદલાય ગઈ.

પ્રશ્ન :– માતાજી! જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય, અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય, જ્ઞાનીનું બધું જ્ઞાનમય.

ઉત્તર :– દૃષ્ટિ બદલાય ગઈ એટલે બધા ભાવો જ્ઞાનમય જ છે. અજ્ઞાનીની દૃષ્ટિ આખી ઊંધી છે. જેટલા ભાવો થાય એ બધા અજ્ઞાનમય થાય છે. એના શુભભાવોમાં પાછી અંદર ભ્રાંતિ ભેગી ભેગી હોય છે. સમજતો નથી એટલે ભ્રાંતિ, બધે એકત્વબુદ્ધિ કરતો જાય છે. જેને સાચી સમજવાની જિજ્ઞાસા હોય એને જુદી વાત છે પણ જે કાંઈ નથી સમજતો એટલે એના તો બધા ભાવ અજ્ઞાનમય છે. પણ યથાર્થપણે તો જ્યારે દૃષ્ટિ બદલાય જાય, ભેદજ્ઞાન થાય ત્યારે જ બધા ભાવો જ્ઞાનમય કહેવાય છે. ત્યાં સુધી જિજ્ઞાસાની ભૂમિકામાં પણ બધા ભાવો જ્ઞાનમય કહી શકાતા નથી. કારણ કે એકત્વબુદ્ધિ છે એટલે. એનો રસ મંદ પડી ગયો છે પણ ભાવો બધા જ્ઞાનમય ક્યારે થાય? ભેદજ્ઞાનની ધારા થાય, જ્ઞાતાની ધારા થાય ત્યારે બધા ભાવો જ્ઞાનમય થાય. ત્યાં સુધી બધા ભાવો એકત્વબુદ્ધિ છે માટે અજ્ઞાનમય કહેવામાં આવે છે. એકત્વ પરિણતિ, એકત્વબુદ્ધિ (છે). ભાવના છૂટવાની કરે છે પણ પરિણતિ એકત્વ થઈ ગઈ છે. દિશા હજી આખી પલટાણી નથી. એક ઘડો સવળો થાય એટલે બધું સવળું થાય. એક ઘડો ઊંધો એટલે બધા ઘડા ઊંધા.

પ્રશ્ન :– વચમાં આપે જિજ્ઞાસાની ભૂમિકામાં ઊભો રાખ્યો એને. જો એ દ્રવ્યદૃષ્ટિ ગ્રહણ કરે તો પલટી શકે છે.

ઉત્તર :– તો પલટી શકે છે. યથાર્થ પરિણતિ થાય ત્યારે એ બધા ભાવો જ્ઞાનમય કહેવાય. પણ હજી જિજ્ઞાસા છે અને ભાવના છે પલટવાની.

---

**(પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચન...)**

પરમ દિ' ગ્યાસતેલ છાંટીને બળી. કોઈએ પરખ્યું નહિ કે રોગ શું છે? .... લગાવી દીધી, જેવી લગાવી એવી ફ..ટ..! ભગવાન... ભગવાન... બીજી કોઈ વાત નહિ. અરિહંત.. અરિહંત.. અરિહંત.. ણમો અરિહંતાણં.. બળી, બળીને અહીં શરીર સળગે છે. ભડકો... ભડકો... ઈ જાતના ભાવ (આવ્યા). થઈ રહ્યું... પછી વિચાર ફેરવ્યા. એ તો પરિણામની વિચિત્રતા છે. રોગ ન પરખી શક્યા. લ્યો! 'મુંબઈ' બતાવ્યું, બીજે બતાવ્યું. અનુમાન કરે, આ બધા ડૉક્ટર અનુમાન કરે. પ્રયોગ કરે, કરતા કરતા એકાદ-બેનું ખ્યાલમાં તો બીજાને પણ લગાવી દે, તમારે પણ આમ લાગે છે.

મુમુક્ષુ : લોહી તપાસે છે...

ઉત્તર : લોહી તપાસે તોપણ કેટલો ફેર પડે? આ કહે છે, લોહી તપાસે છે. આ તપાસ ને, કહે છે. તારા આત્મામાં તારું લોહી—કેટલી તાકાત છે. તારામાં અનંત બળ છે. સમજાણું કાંઈ? આહાહા..! પેશાબ તપાસે. પેશાબ શું તપાસે? પેશાબ રાગ છે. સમજાણું કાંઈ? તપાસે (કે), રાગ વિકાર દુઃખરૂપ છે. ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ હો, બન્ને રાગ રોગ છે. એમ સમ્યગ્દષ્ટિને પોતાની નાડ પકડીને નિરોગતા કેમ કરવી તેની તેને ખબર પડે છે. સમજાણું કાંઈ?

**(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં...)**

(પૂજ્ય સોગાનીજીના વચનામૃત, પૃષ્ઠ-૨ થી આગળ...)

ગમે તેવી પણ વાત કહેવામાં આવે, પરંતુ ત્રિકાળીની અધિકતા ક્યારેય પણ છૂટવી જોઈએ નહિ, કથન ગમે તેવા આવે પરંતુ તે વાત કાયમ રાખીને બીજી બધી વાત છે. ત્રિકાળીની અધિકતા ક્યારેય છૂટવી જોઈએ નહિ. (૧૬૩)

***

કોઈ તો ધારણા કરી રાખે છે, કોઈ ધારણા કરીને રટણ કરે છે, પરંતુ ભાઈ, ધારણા કરી કરીને તારે કોઈને દેખાડવું છે કે હું જાણકાર છું?

પ્રશ્ન :- પણ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી નિર્ણય માટે તો ધારણા જોઈએ ને?

ઉત્તર :- ધારણા સહજ થાય છે. હું આ ધારણા કરી લઉં એ તો બોજો ઉપાડવાનો છે. વળી ધારણા ઉપર વજન નહિ આવવું જોઈએ. ધારણા હોવી તો જોઈએ ને! એવું વજન નહિ હોવું જોઈએ. સહજ હો. (સ્વરૂપની પ્રાપ્તિ માટે વિધિ-વિષયક જાણકારીની ધારણા થાય છે, તોપણ ધારણારૂપ વજન જાણવાવાળાના અભિપ્રાયમાં પર્યાયનો આશ્રય કરવાનો અભિપ્રાય જે અનાદિથી છે તે ચાલુ જ રહી જાય છે અને તે અંતર્મુખતા થવામાં બાધક કારણ બની જાય છે.) (૧૭૭)

***

પ્રશ્ન :- ચિંતવન કરવું (જોઈએ) શું?

ઉત્તર :- ચિંતવન પણ ભઠ્ઠી લાગવી જોઈએ. તે પણ દુઃખભાવ લાગશે ત્યારે ત્યાંથી ઉઠશે. નહિ તો ત્યાંથી શા માટે ખસે? માર્ગમાં આવે છે તો ઠીક છે, પરંતુ તેને પણ દુઃખભાવ જાણવો, તેમાં એકત્વ કરવું નહિ. ચિંતવન પણ ચિંતા છે. આકુળતા છે. ચિંતવન જ્યાંથી ઉઠે છે, તે ભૂમિમાં જામી રહો. (૧૭૮)

***

પ્રશ્ન :- ધારણા વિના અનુભવ થઈ શકે છે શું?

ઉત્તર :- ધારણા ન થાય અને અનુભવ થઈ જાય એ સવાલ જ અહીં નથી. અહીં તો કહે છે કે ધારણા થવા છતાં પણ (વગર પુરુષાર્થે) અનુભવ નથી થતો. ધારણામાં 'હું ચૈતન્યમૂર્તિ છું' એમ ટાંક્યું છે, તે જ સ્થળ પર જામી જાય ત્યારે અનુભવ થાય છે. (૧૮૫)

***

આ વાત સમજમાં આવવાથી 'કરું, કરું' નો બોજો તો હલકો થઈ જાય. પરંતુ આ ત્રિકાળી અપરિણામી ભાવનો અનુભવ થવો તે ખાસ વાત છે. તે અનુભવ કરો. (૨૦૧)

***

છીએ; તેમ બીજા કોઈને સંતાપરૂપ થવાનો તો સ્વપ્ને પણ વિચાર નથી. બધાના દાસ છીએ, ત્યાં પછી દુઃખરૂપ કોણ માનશે? તથાપિ વ્યવહાર-પ્રસંગમાં હરિની માયા અમને નહીં તો સામાને પણ એકને બદલે બીજાું આરોપાવી દે તો નિરુપાયતા છે, અને એટલો પણ શોક રહેશે. અમે સર્વ સત્તા હરિને અર્પણ કરીએ છીએ, કરી છે. વધારે શું લખવું? પરમાનંદરૂપ હરિને ક્ષણ પણ ન વીસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને લેખનો હેતુ છે.

***

**પત્રાંક-૨૪૮**

**મુંબઈ, વૈશાખ વદ ૮, રવિ, ૧૯૪૭**

**ૐ નમઃ**


શા માટે કંટાળો આવે છે, આકુળતા થાય છે? તે લખશો. અમારો સમાગમ નથી, તે માટે તેમ થાય છે, એમ જણાવવાનું હોય, તો અમારો સમાગમ હાલ ક્યાં કરાય એવું છે? અત્રે કરવા દેવાને અમારી ઇચ્છા નથી રહેતી. બીજે કોઈ સ્થળે થવાનો પ્રસંગ ભવિતવ્યતાના જોગ ઉપર છે. ખંભાત આવવા માટે પણ જોગ બની શકે તેવું નથી.

પૂજ્ય 'સોભાગભાઈ'નો સમાગમ કરવાની ઇચ્છામાં અમારી અનુમતિ છે. તથાપિ હજુ તેમનો સમાગમ તમને હમણાં કરવાનું કારણ નથી; એમ જાણીએ છીએ.

અમારો સમાગમ તમે (બધા) શા માટે ઇચ્છો છો, તેનું સ્પષ્ટ કારણ જણાવો તો તે જાણવાની વધારે ઇચ્છા રહે છે.

'પ્રબોધશતક' મોકલ્યું છે તે પહોંચ્યું હશે. તમો બધાને એ શતક શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવા જોગ છે. એ પુસ્તક વેદાંતની શ્રદ્ધા કરવા માટે મોકલ્યું નથી, એવો લક્ષ સાંભળનારનો પ્રથમ થવો જોઈએ. બીજા કંઈ કારણથી મોકલ્યું છે, જે કારણ ઘણું કરીને વિશેષ વિચારે તમો જાણી શકશો. હાલ તમોને કોઈ તેવું બોધક સાધન નહીં હોવાને લીધે એ શતક ઠીક સાધન છે, એમ માની મોકલ્યું છે, એમાંથી તમારે શું જાણવું જોઈએ, તેનો તમારે વિચાર કરવો. સાંભળતાં કોઈએ અમારા વિષે આશંકા કરવી નહીં કે, એમાં જે કંઈ મતભાગ જણાવ્યો છે, તે મત અમારો છે; માત્ર ચિત્તની સ્થિરતા માટે એ પુસ્તકના ઘણા વિચારો કામના છે, માટે મોકલ્યું છે, એમ માનવું. ભાઈ દામોદર અને મગનલાલના હસ્તાક્ષરનો કાગળ ઇચ્છીએ છીએ. તેમાં તેમના વિચાર જણાય તેટલા માટે.

***




**પત્રાંક - ૨૪૭**

**મુંબઈ, વૈશાખ વદિ ૮, રવિ, ૧૯૪૭**

હરિને પ્રતાપે હરિનું સ્વરૂપ મળશું ત્યારે સમજાવશું (!)

ઉપાધિના જોગે અને ચિત્તના કારણથી કેટલોક સમય સવિગત પત્ર વગર વ્યતીત કર્યો છે; તેમાં પણ ચિત્તની દશા મુખ્ય કારણરૂપ છે. હાલમાં આપ કેવા પ્રકારથી કાળ વ્યતીત કરો છો, તે જણાવશો, અને શું ઈચ્છા રહે છે, તે પણ જણાવશો. વ્યવહારનાં કાર્ય વિષે શું પ્રવૃત્તિ છે, અને તે વિષે શું ઈચ્છા રહે છે; તે પણ જણાવશો. એટલે કે તે પ્રવૃત્તિ સુખરૂપ લાગે છે કે કેમ ? તે જણાવશો.

ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે; જેથી વ્યવહારનાં બધાં કાર્ય ઘણું કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ. હરિઈચ્છા સુખદાયક માનીએ છીએ. એટલે જે ઉપાધિજોગ વર્તે છે, તેને પણ સમાધિજોગ માનીએ છીએ. ચિત્તની અવ્યવસ્થાને લીધે મુહૂર્તમાત્રમાં કરી શકાય એવું કાર્ય વિચારતાં પણ પખવાડિયું વ્યતીત કરી નખાય છે, અને વખતે તે કર્યા વિના જ જવા દેવાનું થાય છે. બધા પ્રસંગોમાં તેમ થાય તોપણ હાનિ માની નથી, તથાપિ આપને કંઈ કંઈ જ્ઞાનવાર્તા દર્શાવાય તો વિશેષ આનંદ રહે છે; અને તે પ્રસંગમાં ચિત્તને કંઈક વ્યવસ્થિત કરવાની ઈચ્છા રાખ્યા કરાય છે, છતાં તે સ્થિતિમાં પણ હમણાં પ્રવેશ નથી કરી શકાતો. એવી ચિત્તની દશા નિરંકુશ થઈ રહી છે; અને તે નિરંકુશતા પ્રાપ્ત થવામાં હરિનો પરમ અનુગ્રહ કારણ છે એમ માનીએ છીએ. એ જ નિરંકુશતાને પૂર્ણતા આપ્યા સિવાય ચિત્ત યથોચિત સમાધિયુક્ત નહીં થાય એમ લાગે છે; અત્યારે તો બધુંય ગમે છે, અને બધુંય ગમતું નથી, એવી સ્થિતિ છે. જ્યારે બધુંય ગમશે ત્યારે નિરંકુશતાની પૂર્ણતા થશે. એ પૂર્ણકામતા પણ કહેવાય છે, જ્યાં હરિ જ સર્વત્ર સ્પષ્ટ ભાસે છે. અત્યારે કંઈક અસ્પષ્ટ ભાસે છે, પણ સ્પષ્ટ છે એવો અનુભવ છે.

જે રસ જગતનું જીવન છે, તે રસનો અનુભવ થવા પછી હરિ પ્રત્યે અતિશય લય થઈ છે. અને તેનું પરિણામ એમ આવશે કે જ્યાં જેવે રૂપે ઈચ્છીએ તેવે રૂપે હરિ..... આવશે, એવો ભવિષ્યકાળ ઈશ્વરેચ્છાને લીધે લખ્યો છે.

અમે અમારો અંતરંગ વિચાર લખી શકવાને અતિશય અશક્ત થઈ ગયા છીએ; જેથી સમાગમને ઈચ્છીએ છીએ, પણ ઈશ્વરેચ્છા હજુ તેમ કરવામાં અસમ્મત લાગે છે; જેથી વિયોગે જ વર્તીએ છીએ.

તે પૂર્ણસ્વરૂપ હરિમાં પરમ જેની ભક્તિ છે, એવો કોઈ પણ પુરુષ હાલ નથી દેખાતો તેનું શું કારણ હશે? તેમ તેવી અતિ તીવ્ર અથવા તીવ્ર મુમુક્ષુતા કોઈની જોવામાં આવી નથી તેનું શું કારણ હશે? ક્વચિત્ તીવ્ર મુમુક્ષુતા જોવામાં આવી હશે તો ત્યાં અનંતગુણગંભીર જ્ઞાનાવતાર પુરુષનો લક્ષ કેમ જોવામાં આવ્યો નહીં હોય? એ માટે આપ જે લાગે તે લખશો. બીજું મોટું આશ્ચર્યકારક તો એ છે કે આપ જેવાને સમ્યક્જ્ઞાનના બીજની, પરાભક્તિના મૂળની પ્રાપ્તિ છતાં ત્યાર પછીનો ભેદ કેમ પ્રાપ્ત નથી હોતો? તેમ હરિ પ્રત્યે અખંડ લયરૂપ વૈરાગ્ય જેટલો જોઈએ તેટલો કેમ વર્ધમાન નથી થતો? એનું જો કંઈ કારણ સમજાતું હોય તો લખશો.

અમારી ચિત્તની અવ્યવસ્થા એવી થઈ જવાને લીધે કોઈ કામમાં જેવો જોઈએ તેવો ઉપયોગ રહેતો નથી, સ્મૃતિ રહેતી નથી, અથવા ખબર પણ રહેતી નથી, તે માટે શું કરવું ? શું કરવું એટલે કે વ્યવહારમાં બેઠાં છતાં એવી સર્વોત્તમ દશા બીજા કોઈને દુઃખરૂપ ન થવી જોઈએ, અને અમારા આચાર એવા છે કે વખતે તેમ થઈ જાય. બીજા કોઈને પણ આનંદરૂપ લાગવા વિષે હરિને ચિંતા રહે છે; માટે તે રાખશે. અમારું કામ તો તે દશાની પૂર્ણતા કરવાનું છે, એમ માનીએ